દુનિયામાં 'મહાન' એ લોકો છે કે જેમને એવા સમયે હસતાં રહેતા આવડે છે જયારે જીવન એમને રડવાની ફરજ પાડતું હોય છે
- માનસસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૦ | ૨૩ જાન્યુઆરી, ૨૦૧૫, શુક્રવાર ; મહા સુદ - ૩/૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# હવે, મનપા સીટી ઈન ગાર્ડન બનાવશે

## રાજ્ય સરકારના સોલાર સીટીના સ્વપ્નને મનપા ગાર્ડન સીટીમાં પરિવર્તિત કરે છે : ૨૭ કરોડની પુરાંતવાળુ ડ્રાફ્ટ બજેટ રજુ કરતા મ્યુનિ. કમિશનરશ્રીએ આવકના નવા સાધનો ઉભા કરવાનું ટાળ્યુ : મનપાની કચેરીઓને સુવિધાસભર બનાવવા જંગી રકમની ફાળવણી પણ વસુલાત માટે મૌન : પેટ્રોલપંપ બનાવવા આવાસ યોજના માટે, ડેમોસ્ટ્રેશન હોલ બનાવવા પણ જોગવાઈ કરી

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સરકારની સોલાર સીટીની કલ્પના બાદ હવે મનપાએ ગાર્ડન સીટી બનાવવાની પરિકલ્પના સાથે મ્યુનિ. કમિશનરશ્રી જી.આર. ચૌધરીએ વર્ષ ૨૦૧૫-૧૬ના ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૨૭.૫૨ કરોડની પુરાંત દર્શાવી છે.

મ્યુનિ. કમિશનરશ્રી ચૌધરીએ સીટી ઈન ગાર્ડનનો ખ્યાલ તેમના ડ્રાફ્ટ બજેટમાં રજુ કરતાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં બગીચાને બદલે એક વિશાળ બગીચાની વચ્ચોવચ ગાંધીનગર શહેરની પ્રત્યક્ષ અનુભૂતિ તાદૃશ્ય કરે તે મુજબની આખા શહેરમાં હરિયાળી કરી સીટી ઈન ગાર્ડન બનાવવા રૂ. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મનપાએ આવકના નવા સાધનો ઉભા કરવામાં ઉદાસીન વલણ દાખવ્યુ છે જો કે વર્તમાન કર માળખામાં પણ ફેરફાર કરવાનું ટાળ્યું છે.

મ્યુનિ. કમિશનરશ્રીએ ૨૦૧૫-૧૬નું બજેટ રૂ. ૧૫૫ કરોડનું રજુ કર્યું છે જેમાં સરકારી નાણાં વધુ મળશે તેવો અંદાજ વ્યકત કરાયો છે.

મનપાના ચોથા બજેટમાં પણ વ્યવસાય વેરા માટે નવા વ્યવસાયકારો શોધવાની જુની વાત કરાઈ છે. પરંતુ અત્યાર સુધીની તંત્રની ઉદાસીનતાનો ઉલ્લેખ સિફતાઈથી કમિશનરશ્રીએ તેમના બજેટમાં ટાળ્યો છે. તેમના આ ડ્રાફ્ટ બજેટમાં તેમને નવી વાતો પણ જો અને તો પર આધારિત હોવાનું કહી વિકાસની વાત પર પૂર્ણ વિરામ મુકવાનું કામ કર્યુ છે.

તેમણે જણાવ્યું હતું કે મનપામાં મિલ્કત વેરાની વસુલાત ને સઘન બનાવવાના સંકેત આપ્યા છે. સાથે સાથે પુનઃ આકારણીનો ઉલ્લેખ કરી નવી આકારણી પ્રમાણે બિલો આવશે કે જુના દરો પ્રમાણે બિલ આવશે તે વિશે સ્પષ્ટતાઓ કરવાનું ટાળ્યું છે.

મ્યુનિ. કમિશનરશ્રીએ તેમના ડ્રાફ્ટ બજેટમાં સફાઈ વેરાની દરખાસ્ત પુનઃ રજુ કરી છે તે જોતાં બિલો પણ નવી આકારણી આધારે અપાય તેવા સંકેતો કોર્પોરેશનના અંતરંગ સૂત્રોમાંથી જ પ્રાપ્ત થયા છે.

કમિશનરશ્રીએ તેમના અંદાજપત્રમાં મનોરંજન કરની આવક થવાનો ઉલ્લેખ કર્યો છે પણ આ આવક મર્યાદિત છે ત્યારે તેમણે આવક મેળવવાના માર્ગોવિશે જે રીતે મૌન સેવ્યુ છે તે બહુ જ શંકાસ્પદ છે.

કમિશનરશ્રીએ કોર્પોરેશનનું ગેસ્ટ હાઉસ બનાવવાની વાત કરી નાણાંકીય જોગવાઈ પણ કરી છે. જો કે છેલ્લા બે બજેટમાં શ્રમિકો માટેના રેન બસેરા પ્રોજેકટ વિશે મૌન સેવ્યું છે.

ડ્રાફ્ટ બજેટ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે સરકારી ગ્રાન્ટ મળશે તેમાં વધારો થશે તેમજ સફાઈવેરાની આવકમાં પણ વધારો થવાનો છે. તેમણે ૨૨ ટકા જેટલો વધારો રેવન્યુ આવકનો દર્શાવ્યો છે જયારે રેવન્યુ ખર્ચમાં ૫૨ ટકાનો વધારો દર્શાવ્યો છે પણ નવા આવકના સાધનોની આવક વિશે મૌન રહેવાનું પસંદ કર્યુ હતું.

મનપાના આજે રજુ થયેલા ડ્રાફ્ટ બજેટમાં પગાર ખર્ચના ભારણમાં થઈ રહેલો વધારો ચિંતાજનક છે. જો કે કમિશનરે તેમના ડ્રાફ્ટ બજેટમાં અદ્યતન સાધનોથી તંત્રને સુસજ્જ બનાવવા પર વિશેષ ભાર મુકયો છે.

કમિશનરશ્રીએ તેમના ડ્રાફ્ટ બજેટમાં પેટ્રોલ પંપ કોર્પોરેશનનો બનાવવા, ગરીબો માટે આવાસ યોજના, ડેમોસ્ટ્રેશન હોલ તેમજ ગાર્ડન અને નર્સરી માટે સારી એવી રકમની ફાળવણી કરી છે.

# મિલકત વેરો જુના દરે કે નવા દરે ? કોઈ જ સ્પષ્ટતા નથી

## નિરાશ કમિશનરે સફળતા મેળવવા કોથળામાં મિલ્કત વેરાની પાનસેરી પણ રાખી છે!!

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ચોથા ડ્રાફટ બજેટમાં રિએસેસમેન્ટનો ઉલ્લેખ કરી મ્યુનિ. કમિશનરશ્રીએ કોથળામાં રાખેલી પાનસેરી બતાવી છે.

આ અંગે એજન્સી નિયત કરવાની કામગીરી ચાલુ હોવાનું કહ્યું છે. જો કે રિએસેસમેન્ટ અંગેની કામગીરી કયારે શરુ થશે અને કયારે પુરી થશે તે વિશે મૌન સેવવામાં આવ્યું છે. મિલ્કતવેરાની આકારણીના બિલો નવા દરના કે જુના દરના રહેશે તે વિશે ભેદી મૌન સેવવામાં આવ્યું છે.

કમિશનરશ્રીએ ઈ-લાયબ્રેરી અને ઈ-ગર્વનન્સ પ્રોજેકટ માટે તજજ્ઞ અધિકારીઓના અભાવે શરુ કરી નથી શકાયા તેવા એકરાર સાથે પણ આ વર્ષે કોર્પોરેશનમાં ઈ-ગર્વનન્સ માટે રૂ. ૫ કરોડ થતા નવા કોમ્પ્યુટર ખરીદવા માટે રૂ. ૧ કરોડની રકમ ફાળવી છે.

કમિશનરશ્રીએ તેમના બજેટમાં મિલ્ક વેરાની વસુલાત ૨૦ કરોડથી પણ વધે તે માટે હવે સઘન

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

મહા મહિને માવઠું - બુધવારની સાંજે ઘેરાયેલા વાદળો માવઠાના સ્વરૂપે ધરતી પર વરસ્યા હતા.... ભર શિયાળામાં વરસાદના આગમને ચિંતાના વાદળો સર્જ્યા હતા... બુધવારની મધ્યરાત્રી સુધી વરસતો ઝરમર વરસાદ અનેક પ્રસંગોમાં વિલન બન્યો હતો.... તો શાકભાજીના પાકને નુકસાન પણ કર્યું હતું અને હવે રોગચાળો તો બોનસમાં આવશે તેવી ભિતી છે...



દિક્ષાંત સમારોહ - વિશ્વકર્મા એન્જિનિયરીંગ કોલેજ, ચાંદખેડાના પટાંગણમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો. પદવી પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓ સફળતા બદલ ખુશાલી વ્યક્ત કરતા હતા.

# દેશ ટેકનોલોજીના સંક્રાંતિ કાળમાંથી પસાર થઈ રહ્યો છે

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો દિક્ષાંત સમારોહ યોજાયો : ટેકનોલોજી ક્ષેત્રે દક્ષ માનવ શક્તિ તૈયાર થાય તે જરૂરી : રાજ્યપાલ ઓ.પી. કોહલી

અમદાવાદ, તા.૨૨

રાજયપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું છે કે, આપણો દેશ ટેકનોલોજીકલ સંક્રાંતિકાલમાંથી પસાર થઈ રહ્યો છે. ત્યારે ટેકનોલોજી યુનિવર્સિટીઓમાંથી ટેકનોલોજી ક્ષેત્રે દક્ષ, માહેર અને કુશળ માનવબળ તૈયાર થાય તે અત્યંત જરૂરી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ચોથા દિક્ષાત સમારોહમાં સંબોધન કરતા ઓ.પી.કોહલીએ જણાવ્યું કે, વૈશ્વિક સંસ્થાઓ સાથે જોડાઈ રહી છે. શૈક્ષણિક પરિદ્રશ્ય બદલાઈ રહ્યું છે ત્યારે યુનિવર્સિટીઓનું કાર્ય વિદ્યાર્થીઓને માત્ર પ્રોફેશનલ ન બનાવી રાખતા લોકતંત્રને જવાબદાર અને કર્તવ્યપરાયણી બનાવવાનો કર્તવ્યબોધ શીખવાડાવાનું પણ યુનિવર્સિટીઓ કરે તેમ તેમણે જણાવ્યું હતું. દેશના આર્થિક અને ભૌતિક વિકાસ માટે આજે ટેકનોલોજીની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહે છે ત્યારે યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓનું ક્ષમતાવર્ધન, સશકિતકરણ કરીને તેમને કારકિર્દી ઘડતરમાં પડકારરૂપ બનતા પરિબળો સામે સમક્ષ બનાવે તે સમયની માંગ છે તેમ તેમણે જણાવ્યું હતું. રાજયપાલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં સર્વોત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનું ગોલ્ડ મેડલ તથા અન્ય વિદ્યાર્થીઓનું ડિગ્રી-ડિપ્લોમાં આપી સન્માન કરી ભવિષ્યમાટેની શુભેકામનાઓ પાઠવી હતી. રાજયપાલ ઈસરોના ચેરમેન એ.એસ.કિરણકુમારને તેમની અનુપસ્થિતીમાં ઓનરરી ડોકટરેટ પદવી આપવાની જાહેરાત કરી હતી.

દિક્ષાત સમારોહમાં ૪૭૪૦૬ ડીગ્રી અને ૨૨૯૭૩ ડીપ્લોમાં મળી કુલ ૭૦૩૭૯ વિદ્યાર્થીઓને ડિગ્રી-ડિપ્લોમાંની પદવી એનાયત કરવામાં આવી હતી. જી.ટી.યુના કુલપતિ અક્ષય અગ્રવાલે યુનિવર્સિટીનો વાર્ષક અહેવાલ રજૂ કરી યુનિવર્સિટીની પ્રવૃતિઓ અને કાર્યકરોનોવો ચિતર આપ્યો હતો. તેમણે નવા અભ્યાસક્રમો દાખલ કરીને અને ઉદ્યોગની જરૂરીયાત મુજબ તેને સતત અધતન કરી ઉદ્યોગોની જરૂરીયાત મુજબનું માનવબળ તૈયાર કર્યુ છે.

# ગાંધીનગરમાં સફાઈવેરાના દર સુધારવા મનપા કમિશનર આગ્રહી

## ડ્રાફ્ટ બજેટમાં પણ સફાઈદરનો વધારો કેમ કરવો જરૂરી છે તેની વિસ્તૃત વિગતો સાથે પુનઃ દરખાસ્ત કરતા કમિશનર

ગાંધીનગર, તા. ૨૨

મહાનગરપાલિકાના ચતુર્થ ડ્રાફ્ટ બજેટમાં કમિશનરશ્રીએ સફાઈવેરાના દરમાં વધારો કરવા માટેની દરખાસ્ત પુનઃ રજુ કરી તેને ગ્રાહ્ય રાખવાનો આગ્રહ કર્યો છે.

તેમણે તેમના ડ્રાફ્ટ બજેટમાં આવકના સાધનો સીમિત છે ત્યારે વધારો સારી સેવા માટે જરૂરી છે તેવો આગ્રહ પણ કર્યો છે.

કમિશનરશ્રીએ તેમની દરખાસ્ત પુનઃ રજુ કરતાં જણાવ્યું છે કે જુન-૨૦૧૪નું સમગ્ર ગાંધીનગર શહેરી વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરાનું કનેક્શન દૈનિક ધોરણે શરૂ કરવામાં આવે છે. વધુમાં ૩૦૦ હંગામી સફાઈ કર્મચારી રોકવામાં આવેલ છે તેમજ સેક્ટરની સફાઈ પણ નવા સાધનો લઈને કરવામાં આવે છે. હાલમાં પ્રતિ દિન ૪૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે જેમાં દિન પ્રતિ દિન વધારો થનાર છે.

ડોર-ટુ-ડોર કચરા ઉપાડવાની કામગીરી માટે પ્રતિ ટન રૂ. ૧૫૮૧ ના દરથી ઈજારાદારને ચૂકવણું કરવા પાત્ર થાય છે. તે મુજબ કચરો ઉપાડવાનો ખર્ચ વાર્ષિક રૂ. ૨૬૦.૦૦ લાખ ઉપરાંત હંગામી સફાઈ કામદારોનો પગાર ખર્ચ વાર્ષિક અંદાજે ખર્ચ રૂ. ૨૧૬.૦૦ લાખ મળીને આ કામગીરી માટેનો કુલ ખર્ચ અંદાજીને રૂ. ૪૭૬.૦૦ લાખ થનાર છે. જ્યારે સન ૨૦૧૪-૧૫નાં નવેમ્બર માસ સુધી રહેણાંક મિલકતો પર વાર્ષિક રૂ. ૬૦ તથા બિન રહેણાંક મિલકતો પર વાર્ષિક રૂ. ૧૨૦ વસુલવાનું ધોરણ હતુ જેમાં વધારો કરીને રહેણાંક મિલકતો પર વાર્ષિક રૂ. ૭૨૦ તથા બિન રહેણાંક મિલકતો પર વાર્ષિક રૂ. ૧૪૪૦ મંજુર અત્રેથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને અંશતઃ ગ્રાહ્ય રાખીને બિન રહેણાંક મિલકતો પર વાર્ષિક રહેણાંક મિલતો પર વાર્ષિક રૂ. ૬૦ તથા બિન રહેણાંક મિલકતો પર વાર્ષિક રૂ. ૧૦૮૦ ૧-૧-૨૦૧૫ થી વસુલ કરવા મંજુર કરવામાં આવેલા હતા. જે દરથી પુરેપુરો ખર્ચ સરભર થતો નથી જેથી અમારી મૂળ દરખાસ્ત પર પૂર્ણ વિચારણા કરી રહેણાંક વિસ્તાર માટે વાર્ષિક વિસ્તાર માટે રૂ. ૭૨૦ તથા બિન રહેણાંક માટે વાર્ષિક રૂ. ૧૪૪૦ મંજુર કરવા વિનંતી છે. સદર વધારાથી વાર્ષિક રૂ. ૩૯૭.૭૨ લાખ થશે જેની સામે થનાર ખર્ચ સરભર થશે.

### મનપા પોતાનું ગેસ્ટહાઉસ બનાવશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા હવે તેનું પોતાનું ગેસ્ટ હાઉસ બનાવશે આ માટે બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના આજે ચોથા બજેટમાં મ્યુનિ. કમિશનરશ્રીએ આ વાતનો ઉલ્લેખ પોતાના ડ્રાફ્ટ બજેટમાં કર્યો છે.

કમિશનરશ્રીએ કોર્પોરેશનને વધુ સુદૃઢ સાધન સામગ્રીની દૃષ્ટિ એ કરવા પર વિશેષ ભાર મુકયો છે. જેમાં અગ્નિશમનના નવા સાધનો માટે રૂ. ૨ કરોડ, સફાઈના વાહનો અને સાધનો ખરીદવા માટે રૂ.૧ કરોડ, વ્હીકલ પુલ મશીનરી અને સર્વિસ માટેના સાધનો માટે રૂ. ૧ કરોડ, પેવર બ્લોક મશીનરી માટે રૂ. ૫ કરોડ, ઈલેકટ્રીકલ ટ્રાન્સપોર્ટેશન માટે ૧ કરોડ, હાઈડ્રો ક્રેઈન માટે ૨૫ લાખ, મેયર, ડે. મેયર તથા ચેરમેન અને વિપક્ષી નેતા માટે નવા વાહનો ખરીદવા રૂ. ૬૦ લાખ, બહુમાળી ભવનમાં ઓફિસો માટે ૫ કરોડ, રિનોવેશન માટે ૧ કરોડ નવા ડેમોસ્ટ્રેશન હોલ માટે ૧ કરોડની ફાળવણી સૂચવી છે.

### કામધેનુ યુનિ.નો ૨૪મીએ પદવીદાન સમારોહ યોજાશે

અમદાવાદ, તા.૨૨

કામધેનુ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ આગામી તા. ૨૪ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ બપોરે ૧૫.૦૦ કલાકે કર્મયોગી ભવન સેકટર-૧૦ ગાંધીનગર ખાતે યોજાશે. આ પદવીદાન સમારોહમાં ગુજરાતના રાજયપાલ અને વિશ્વ વિધાલયના કુલાધિપતિ ઓ.પી.કોહલીની અધ્યક્ષતા તેમજ મુખ્યમંત્રી આંનદીબેન પટેલની ઉપસ્થિતીમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. આ પદવીદાન સમારોહમાં કૃષિ, સહકાર, પશુપાલન અને મત્સ્યોદ્યોગ મંત્રી બાબુભાઈ બોખરીયા અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

સ્પેશ્યલ ઓફર
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
(શેરચાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

ગાંધીનગરના આંગણે...
મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે
શ્રી શિવ મહાપુરાણ કથા
તારીખ : ૧૦-૨-૨૦૧૫થી ૧૮-૨-૨૦૧૫
સમય : બપોરે ૧-૦૦ થી ૫-૦૦
સ્થળ : પેટ્રોલ પંપ પાસે, એસ.ટી. ડેપો સામે, સેક્ટર-૬, ગાંધીનગર
વ્યાસપીઠ પર બિરાજશે
શ્રી કન્હૈયાલાલજી મહારાજ
મુખ્ય યજમાન :
શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ - આનંદીમાનો વડલો (વાન પ્રસ્થાશ્રમ) અને માઁ-પાલઈ પ્રેરિત વિઘ્નેશ્વરી ધામ(પંચદેવ મંદિર) માણસા, જિ. ગાંધીનગર.
કથાની વિશેષતા : ભગવાન શિવજીના જીવન કવનની સંગીતમય પ્રસ્તુતિ સાથે...
● ૧૧ ફૂટ ઉંચા શિવલીંગના અભૂતપૂર્વ દર્શન ● શિવરાત્રીના દિવસે દ્વાદશ જ્યોતિર્લીંગની મહાપૂજા ● ૧૦૦૧ દિવાની નૃત્ય આરતી ● ધાન્યના શિવલીંગ દર્શન ● શિવતાંડવ નૃત્ય ● શિવરાત્રીના દિવસે શિવલીંગની સમૂહ પૂજા ● સમૂહ આરતી
કથાના દૈનિક યજમાન તથા પોથી યજમાન માટે નામ નોંધાવવા સંપર્ક :
૯૪૨૮૨ ૧૭૫૫૭ ● ૯૮૨૫૪ ૫૦૧૯૧ ● ૯૩૭૫૩ ૩૭૯૯૨ ● ૯૮૨૫૦ ૩૬૦૪૯